ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૨.૦ ડીગ્રી
લઘુતમ : ૧૪.૨ ડીગ્રી
ભેજ
સવારે ૫૯ ટકા ● સાંજે ૪૩ ટકા

# ગાંધીનગરમાં વાઈબ્રન્ટ સિરામિકસ એકસ્પોનો પ્રારંભ








ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગરમાં આજે વાઈબ્રન્ટ સિરામિકસ એકસ્પો એન્ડ સમિટ ૨૦૧૭નો સેકટર-૧૭ના એકિઝબીશન સેન્ટર ખાતે પ્રારંભ કરાયો છે. વાઈબ્રન્ટ સિરામિકસ એક્સ્પો એન્ડ સમિટના પ્રમુખ નિલેશ જેતરિયા તથા કે.જી. કુંડારીયા તથા સીઈઓ સંદીપ પટેલના હસ્તે એકસ્પોનું તથા હિન્દી ફિલ્મોના મશુહર અભિનેતા જેકી શ્રોફના હસ્તે એક્સ્પો એન્ડ સમિટના મેસ્કોટનું ઉદઘાટન કરાયું હતું. આ એક્સ્પોમાં વિશ્વના ૭૫ દેશો ઉપરાંત ભારતના ૧૦૦ શહેરો, ૨૫૦થી વધુ પ્રદર્શનકારીઓ અને ૪૦૦થી વધુ બ્રાન્ડ એક જ સ્થળે ઉપલબ્ધ થયેલ છે. એકસ્પોમાં ઈન્ડસ્ટ્રીને લગતા ૩૦ એવોર્ડસ આપવામાં આવનાર છે.

મોરબી સિરામિકસ એસોસિએશન અને ઓકટાગોન કોમ્યુનિકેશન દ્વારા એકસ્પોનું આયોજન કરવામાં આવ્યું છે. મોરબીના સિરામિક ઉદ્યોગને વિશ્વ ફલક પર મુકવા આજથી શરૂ થયેલા વાઈબ્રન્ટ સિરામિકસ એક્સ્પોમાં મોરબી સિરામિક એસોસિએશન દ્વારા 'વન કલ્સ્ટર વન બ્રાન્ડ'નો નવો કોન્સેપ્ટ રજુ કરવામાં આવ્યો છે જેના થકી આવનાર દિવસોમાં મોરબીમાં ઉત્પાદિત સિરામિક પ્રોડકટસ એક જ બ્રાન્ડથી ઘર આંગણે તથા વિદેશમાં એકસપોર્ટ થશે. મોરબીના અલગ અલગ યુનિટમાં ઉત્પાદિત સિરામિકસ પ્રોડકટસ માટે ચોકકસ ગુણવત્તા નિયમન નક્કી કરવામાં આવશે તથા વિદેશમાં નિકાસ થતી તમામ પ્રોડકટસમાં એકરૂપતા જળવાઈ રહે તે માટે એસોસિએશન વિશેષ પગલાં ઉઠાવશે.

વાઈબ્રન્ટ સિરામિકસ એકસ્પોમાં ૭૫થી વધુ દેશોના ૨૫૦૦થી વધુ પ્રતિનિધિઓ આવ્યા છે અને આ એક્સ્પો થકી ૫ હજાર કરોડના ઓર્ડર મળવાની એસોસિએશનને અપેક્ષા છે. એક્સ્પો એન્ડ સમિટમાં ઓમાન ચેમ્બર ઓફ કોમર્સ સાથે મહત્વના એમઓયુ થશે. આ એક્સ્પો થકી મોરબીના મોર અને મેક ઈન ઈન્ડિયાના સિંહને આવરી લેતુ મેસ્કોટ તૈયાર કરાયું છે. જેમાં મોઢું સિંહનું અને મોરના પીંછા સાથેનું શરીર છે. એક્સ્પોમાં સિરામિકસ ટાઈલ્સ, સેનેટરી વેર, ચિનાઈ માટી, દિવાલ ટાઈલ્સ, ફલોર ટાઈલ્સ, વિટ્રીફાઈડ ટાઈલ્સ સાથે ભારતના ટોચના ૪૦૦થી વધુ ઉત્પાદકોના બાથરૂમ ફિટિંગ્સ પ્રદર્શિત કરાયા છે.

## દારૂ ભરેલી પકડાયેલી ટ્રકના કેશમાં સંડોવાયેલો શખ્સ ઝડપાયો

### એલસીબીએ મહુડી-પેથાપુર રોડ પરથી રૂ. ૧૦.૫૭ લાખના દારૂ સાથે ટ્રક પકડી હતી તે કેશનો આરોપી ફરાર હતો

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર એલસીબીએ અઠવાડીયા પહેલા પેથાપુર-મહુડી હાઈવે પરથી વિદેશી દારૂનો જથ્થો ભરેલી ટ્રક પકડી પાડી હતી. આ કેશમાં સંડોવાયલો વરસોડાનો નાસતો ફરતો આરોપી આખરે એલસીબીના સકંજામાં આવી ગયો છે. એલસીબીની ટીમે તેની ધરપકડ કરી ઉંડી પુછતાછ શરુ કરી છે.



એલસીબી પી.આઈ. જે.ડી. પુરોહીતની ટીમે ૭ નવેમ્બરે મહુડી-પેથાપુર હાઈવે પરથી કોસ્મેટીક ચીજવસ્તુઓની આડમાં વિદેશી દારૂનો જથ્થો ભરી દારૂની હેરાફેરી કરતા ટ્રકને પકડી પાડયો હતો. રૂ. ૧૦.૫૭ લાખનો દારૂ જપ્ત કરવામાં આવ્યો હતો. આ ગુનામાં નાસતા ફરતા આરોપી દિગ્વિજયસિંહ ઉર્ફે ડીગો ઘનશ્યામસિંહ ચાવડા (રહે. વરસોડા, તા. માણસા) ને ચોકકસ બાતમીને આધારે એલસીબીની ટીમના જયપાલસિંહ અને દિલીપસિંહે પીંપળજ ગામના પાટીયા પાસેથી દબોચી લઈ વધુ પુછપરછ શરુ કરી છે.

## માઉન્ટ કાર્મેલ શાળામાં સેકટર-૧૬ અંધજન શાળાના વિદ્યાર્થીઓ દ્વારા કાર્યક્રમ

ગાંધીનગર, તા.૧૬

સેકટર -૨૧ સ્થિત, માઉન્ટ કાર્મેલ શાળામાં તા.૧૫ અને ૧૬ નવેમ્બરના રોજ શાળામાં ચાલતા 'સોશિયલ સર્વિસ કલબ' દ્વારા 'સર્વિસ અસોસિયેશન ફોર બ્લાઈન્ડ' ના ઉપક્રમે સેકટર-૧૬ અંધજન શાળાના વિદ્યાર્થીઓ અને શિક્ષકોને આમંત્રિત કરવામાં આવ્યા હતા. માઉન્ટ કાર્મેલ શાળાના વિદ્યાર્થીઓએ તેમનું ભાવભીનું સ્વાગત કર્યુ હતું. અંધજન શાળાના વિદ્યાર્થીઓ પ્રજ્ઞાચક્ષુ હોવાને કારણે પડતી મુશ્કેલી જણાવી તો સાથે સાથે ગાયન અને વાદ્ય દ્વારા બધાને મંત્ર મુગ્ધ કર્યા હતા. માઉન્ટ કાર્મેલ શાળાના વિદ્યાર્થીઓ દર વર્ષે લહિયાની સેવા બજાવે છે તેનો પણ તેમણે આભાર વ્યક્ત કર્યોહતો. માઉન્ટ કાર્મેલ શાળાના વિદ્યાર્થીઓએ હરહંમેશ મદદરૂપ થશે તે ભાવ જણાવ્યો હતો. શાળાના આચાર્યા સિસ્ટર રેણુકાના માર્ગદર્શન હેઠળ સોશિયલ સર્વિસ કલબના ઈન્ચાર્જ શિક્ષકો મંજુ બલરાજ, જાગૃતિ ગુર્જર તથા વિદ્યાર્થીઓએ સેવાસેતુ કાર્યક્રમને ઉજાગર કર્યો હતો.




## રૂપાલમાં વરલી મટકાનો જુગાર રમાડતા બે પકડાયા

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર એસઓજી પી.આઈ. પરેશ સોલંકીની ટીમને ગઈ સાંજે બાતમી મળી હતી કે રૂપાલ ગામમાં વરદાયીની મંદિર સામે ખુલ્લામાં બે શખ્સો વરલી મટકાનો જુગાર રમાડી રહ્યા છે. આ ચોકકસ બાતમીને આધારે એસઓજીની ટીમે દરોડો પાડી બે શખ્સોને વરલી મટકાનો જુગાર રમાડતા રંગે હાથ દબોચી લીધા હતા.

સરઢવ ગામમાં રહેતા રમણ ઉર્ફે તરૂણ મણીલાલ પટેલ અને રૂપાલ ગામના તખા ભગાજી ઠાકોર નામના બંને શખ્સોની એસઓજીની ટીમે રૂ.૧૧૭૦ રોકડ તથા વરલી મટકાના જુગારના અંક લખેલા સાહિત્ય સાથે પકડી પાડી બંનેની ધરપકડ કરી લેવામાં આવી હતી. એસઓજીએ પેથાપુર પોલીસ મથકમાં આ ગુનો દાખલ કરાવી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

## સિરામિક એકસ્પોમાં હરતા ફરતા સાઈનબોર્ડ




શહેરમાં વિશ્વનો સૌથી મોટો વાઈબ્રન્ટ સિરામિક અક્સ્પો-૨૦૧૭ યોજાયો છે. આ એકસ્પોમાં ગુજરાત સહિત દેશ વિદેશની સિરામિક કંપનીઓએ ભાગ લીધો છે. આ એકસ્પોમાં સિરામિક ક્ષેત્રના વિવિધ સ્ટોલ્સ સાથે અનેક આકર્ષણો પણ સામેલ કરાયા છે. આ સાથે એક્સ્પોમાં માર્કેટીંગના નવતર નુસ્ખા પણ અજમાવી વધુમાં વધુ સ્પોન્સરશીપ મેળવવા પ્રયાસ કરાયો છે. આ એકસ્પોમાં જાહેરાતના એક નવા આઈડિયા મુજબ ડિજિટલી તૈયાર કરાયેલ આકર્ષક ઉભા લંબચોરસ આકારના જેને આસાનીથી ખભે પટ્ટા ભેરવી પીઠ પાછળ સ્કૂલબેગની જેમ લટકાવી શકાય તેવા સાઈનબોર્ડનો ઉપયોગ કરાયો છે જેને યુવાનો ખભે ભરાવી અકસ્પોમાં ફરતા જોવા મળે છે. આ સાઈનબોર્ડમાં પાછળના ભાગે જાહેરાત લાગેલી હોય છે. આવા હરતા ફરતા એડવર્ટાઈઝીંગ સાઈનબોર્ડ સાથેના યુવાનો એક્સ્પોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યા છે.

## રવિવારે કુડાસણ ખાતે હાડકાના રોગોનો નિઃશુલ્ક નિદાન કેમ્પ

ગાંધીનગર, તા.૧૬

ન્યુ ગાંધીનગરના કુડાસણ ખાતે તા. ૧૯મી નવેમ્બર રવિવારના રોજ સવારે ૧૦થી બપોરે ૧ વાગ્યા દરમિયાન ડૉ. વિવેક વાછાણી દ્વારા હાડકાના રોગોનો વિના મૂલ્યે નિદાનનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પ કુડાસણમાં સહજાનંદ સીટી સામેના રાધે સિગ્નેચર કોમ્પ્લેક્ષમાં વાછાણી ઓર્થોપેડિક હોસ્પિટલ ખાતે યોજાશે.

ડૉ.વાછાણી દ્વારા આયોજિત હાડકાના રોગોના વિના મૂલ્યે નિદાન કેમ્પમાં હાડકા તથા સાંધાના દુઃખાવા, માંસ પેશીઓને લગતા રોગો, વા, સધી-વા, શરીરની જકડણ, જન્મજાત ખોડખાંપણ ધરાવતા બાળકોની સારવાર, વાંકાચુકા હાડકાની સારવાર, કમર અને મણકાને લગતી તકલીફોની સારવાર, નિષ્ફળ ગયેલ ઓપરેશનની સારવાર તથા હાડકાને લાગેલા ચેપનું સચોટ નિદાન અને સારવારને આવરી લેવાશે. આ કેમ્પમાં દર્દીઓને રાહત દરે એકસરે તથા વિના મૂલ્યે વાઈબ્રેશન પરસેપ્શન ટેસ્ટ કરી આપવામાં આવશે. કેમ્પમાં નિદાન-સારવાર માટે આવનાર દર્દીઓએ જો તેમની સારવાર અન્યત્ર ચાલુ હોય તો તેના રિપોર્ટ લઈને આવવા હોસ્પિટલ દ્વારા જણાવાયું છે. કેમ્પમાં અગાઉથી રજીસ્ટ્રેશન કરીને આવવા હોસ્પિટલના ટે.નં. ૨૩૬૦૦૨૪૪ પર નોંધાવવા જણાવાયું છે.

## ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કૂલમાં ચીલ્ડ્રન્સ ડે ઉજવાયો

ગાંધીનગર, તા.૧૬

પ્રિ-પ્રાયમરીના વિભાગના નાના ભૂલકાંઓનો ચીલ્ડ્રન્સ ડે મનાવવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થીઓને ચાચા નહેરુ વિશે માહિતગાર કર્યા હતા તથા આખો દિવસ વિવિધ પ્રકારની રમતો રમાડીને બાળકોને પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતાં. તદ્ઉપરાંત શાળામાં નાના ભૂલકાંઓ માટે અલગ અલગ જગ્યાની મુલાકાત તો રાખતાં જ હોય છે. જેમાં તા. ૧૫-૧૧-૨૦૧૭ના રોજ નાના બાળકોને કુંભારની મુલાકાતે લઈ જવામાં આવ્યા હતાં. જેમાં બાળકોને કુંભાર માટીમાંથી વિવિધ પ્રકારના આકાર ઘડે તે બતાવવામાં આવ્યું હતું. ત્યારબાદ બાળકોને ચાકડા પર ઘડો, કૂંજો, માટલું વગેરે બનાવીને બતાવીને આ બધાજ આકાર કેવી રીતે બને છે તેની માહિતી આપી હતી. બાળકોને માટીમાંથી વિવિધ પ્રકારના વાસણો બને છે. તેની પણ માહિતી આપવામાં આવી હતી.





## સિવિલમાં આડેધડ પાર્કીંગથી તંત્ર પરેશાન

ગાંધીનગર, તા.૧૬

પાટનગરની સિવિલ હોસ્પિટલમાં આડેધડ પાર્કીંગથી ખુદ તંત્રના અધિકારીઓ પણ પરેશાન છે. સિવિલમાં યોગ્ય સ્થળે પાર્કીંગની વ્યવસ્થા ગોઠવાય તે માટે ખાસ સિકયુરીટીના માણસોને જવાબદારી સોંપવામાં આવી છે. તેમ છતા દર્દીઓને લઈને આવતા મુલાકાતીઓ આડેધડ પાર્કીંગ કરીને સિવિલ કેમ્પસમાં અડચણ ઉભી કરે છે. જયારે આડેધડ વાહન મુકીને જતા મુલાકાતીઓને લીધે સિવિલ કેમ્પસમાં વાહનચોરીના કિસ્સા પણ વધવા લાગ્યા છે.

ગાંધીનગર સિવિલ કેમ્પસમાં વાહન પાર્કીંગ માટે યોગ્ય વ્યવસ્થા ગોઠવાયેલ છે. તેમ છતા મેડીકલ કોલેજ, ઓપીડી, ઈન્ડોર બિલ્ડીંગ, દવાઓના સ્ટોર, તાત્કાલીક વિભાગ તેમજ કેન્ટીન સહિતના સ્થળો પાસે ગમે તેમ વાહનો પાર્ક કરીને વાહનમાલિકો રફુચક્કર થઈ જાય છે. આડેધડ વાહન પાર્કીંગને પગલે અન્ય વાહનચાલકોને પણ કલાકો સુધી બેસવાનો વારો આવે છે. સિવિલ કેમ્પસમાં તમામ સ્થળે વાહન પાર્ક કરવા પુરતી જગ્યા છે. તાત્કાલીક સારવાર વિભાગ પાસે પણ વાહનનો ખડકલો થતા એમ્બ્યુલન્સ ચાલકોને ભારે મુશ્કેલી પડે છે. જયારે પાર્કીંગ અંગે સિકયુરીટીના જવાનો કહેવા જાય તો દર્દીઓના સગા અને ગાર્ડ વચ્ચે ચકમક ઝરે છે. તો કેટલીક વખત તો છુટ્ટાહાથની મારામારી સુધી પણ વાત પહોંચી જાય છે. જયારે દર્દીઓને લઈને આવતા તેમજ અન્ય મુલાકાતીઓ ગમે તે સ્થળે વાહન પાર્ક કરીને જતા રહેતા હોવાથી વાહનચોરીના કિસ્સા પણ સિવિલ કેમ્પસમાં વધુ જોવા મળી રહ્યા છે. પાર્કીંગની સમસ્યાના ઉકેલ અંગે અનેકવાર અધિકારીઓએ પણ અવનવા પ્રયોગ કરી જોયા છે પરંતુ તંત્રને સફળતા મળી નથી. ત્યારે જિલ્લાકક્ષાની હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ આવતા હોવાથી વાહનોનો ધસારો વધુ જોવા મળે છે. જેને પગલે વાહન પાર્કીંગની સમસ્યા સર્જાય છે. દર્દીના સગા, મુલાકાતીઓ, ડોકટર્સ, સ્ટાફ, તેમજ અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ પણ વાહન લઈને આવતા હોવાથી વાહન કયાં પાર્ક કરવા તે પ્રશ્ન દરેકના મનમાં ઘુમરાયા કરે છે.




આજ રોજ સેકટર-૨૦ સ્થિત સેકટર ૨૦(૧) સરકારી પ્રાથમિક શાળામાં બાળસુરક્ષા ટીમ દ્વારા શાળાના બાળકોને તેઓના અધિકારો વિશે માહિતગાર કરવાનો કાર્યક્રમ યોજાઈ ગયો. ચાઈલ્ડ હેલ્પલાઈનના નંબર ૧૦૯૮ વિશે બાળકોને વિશેષ માહિતી આપવામાં આવી હતી. શાળાના પ્રોજેક્ટર પર બાલસુરક્ષા અને બાળ અધિકારો વિશે ગમ્મત સાથે જ્ઞાન આપે તેવી ફિલ્મ બતાવવામાં આવી હતી. આ ઉપરાંત શાળામાં બાળકો માટે અનુલેખનનો કાર્યક્રમ યોજાયો જેમાં શાળાના વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિજેતા જાહેર થયેલા વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપવામાં આવ્યા હતા. શાળાના આચાર્યશ્રી કે.કે.ગામેતીએ આભારવિધિ કરી કાર્યક્રમની પૂર્ણાહુતિ કરી હતી.

## @ગાંધીનગર

● સે-૨૩ અરવિંદ કેન્દ્ર ખાતે પ્રભુમય જીવન વિશે વ્યાખ્યાન માળા સાંજે ૬ થી ૭.૩૦ કલાક દરમિયાન અરવિંદ કેન્દ્ર, સે-૨૩ ખાતે યોજાશે.

## વાતવાતમાં

● વાઈબ્રન્ટ સિરામિકસ એક્સ્પોમાં બોલીવુડના લોકપ્રિય અભિનેતા જેકી શ્રોફનું આગમન થતા જ તેમના ફેન્સ તેમને ઘેરી વળ્યા હતા. જેકી શ્રોફ સાથે સેલ્ફી લેવા માટે તેમના પ્રસંશકોએ રીતસરની પડાપડી કરી હતી.

●સિરામિકસ એકસ્પોમાં જેકી શ્રોફ તેમની મસ્તરામ જેવી ઈમેજ મુજબ જ મસ્તીના મુડમાં જણાયા હતા. એક તબક્કે તો તેમણે ઘેરાયેલા ફેન્સને 'ઢોકળાં ખાઓ અને મોજ કરો' તેવું ગુજરાતીમાં આગવા લહેકા સાથે કહેતા ફેન્સે રોમાચિંત થઈ ચિચિયારીઓ પાડી હતી.

● વાઈબ્રન્ટ એકસ્પોની વિશાળતાને કારણે તેની તૈયારીઓ છેલ્લી ઘડી સુધી ચાલી હતી. એક તબક્કે જયારે જેકી શ્રોફ રિબન કાપવા આવી પહોંચ્યા ત્યાં સુધી નજીકના ડોમ આગળનો કચરો હટાવવાનો બાકી રહી ગયો હોવાથી આયોજકોએ તેને મોટી પ્લાસ્ટિકની તાડપત્રીઓથી ઢાંકી દેવો પડયો હતો.

● શહેરના રોડ નં. ૩ ઉપર ખ-૩થી વાવોલ ફાટકના રસ્તા પાસેની ફૂટપાથ ઉપર બપોરે ૧૨થી ૧૨.૩૦ વચ્ચે એક યુવાન છોકરાને વળગીને યુવાન છોકરી ધ્રૂસકે-ધ્રૂસકે રડી રહી હતી. યુવાનનું બાઈક રસ્તાના કોરાણે પાર્ક કરેલું હતું અને તે યુવતિ સાથે ફૂટપાથ ઉપર ઊભો હતો. યુવતિ રડી રહી હતી અને યુવાન તેને સાંત્વના આપી રહ્યો હતો. અનેક રાહગીરોનાં મનમાં આ દશ્યએ અનેક વાતો જન્માવી હતી.

## પેન્શનર્સ સમાજના પ્રશ્નોના નિકાલ માટે રજુઆત

ગાંધીનગર, તા.૧૬

ગાંધીનગર જિલ્લાના પેન્શનર્સ સમાજની તાજેતરમાં બેઠક મળી હતી. જેમાં પેન્શનર્સ સમાજના પ્રાણ પ્રશ્નોની ચર્ચા કરવામાંઆવી હતી.

કેન્દ્ર સરકારના પેન્શનરોને મળતા લાભો આપવાની સૈધ્ધાંતિક સ્વીકાર મુજબ કાર્યવાહીમાં બાકી રહી જતા પડતર પ્રશ્નોને પ્રાધાન્ય આપવા ચર્ચા થઈ હતી. સાતમા પગાર પંચ મુજબ પેન્શનની બાંધણી કરવી. ૧-૧-૧૬થી ચુકવેલ પગાર મુજબ પેન્શનરોએ પેન્શન ચુકવવા પેન્શનરોને પેન્શન સુધારી આપવા એરિયર્સ ચુકવવામાં ચુંટણીપંચની મંજુરી મેળવીને હુકમો કરવા. સિનિયર સિટીઝન્સ માટેની શ્રવણ યોજના હળવી બનાવવી. રેલવે, એસ.ટી.ભાડામાં ૫૦ ટકા ભાડા રાહત આપવી સાતમા પગાર પંચમાં પે મેટ્રીક મુજબ ૫૦ ટકા પેન્શન આપવું. શહીદોને તથા સ્વર્ગસ્થ સભ્યોને શ્રધ્ધાંજલિ આપવામાં આવી હતી તેમજ રાષ્ટ્રગીતનું ગાન કરવામાં આવ્યું હતું. તેમ પ્રમુખ કે.બી. વ્યાસે જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. મહેન્દ્રસિંહ રામસિંહ વાઘેલા, ઉ.વ. ૫૨
- સ્વ. શાંતાબેન માધવલાલ પંડયા, ઉ.વ. ૮૫